### વર્ષો જૂની ગટરની સમસ્યાને કારણે ગંદકી અને રોગચાળાનું જોખમ સતત તોળાતું રહે છે

## લિંક રોડ પર ગણેશ ટાઉનશીપના રહીશોનો ચૂંટણી બહિષ્કારનો સૂર

**ગટર લાઈનની** સુવિધા મુદ્દે સ્થાનિકોએ લગાવ્યા ‘કામ નહીં તો વોટ નહીં’ના બેનરો





(પ્રતિનિધિ) ભરૂચ, તા.21

ભરૂચ શહેરમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્વે રાજકીય ગરમાવો તેજ બન્યો છે, પરંતુ આ વખતે રાજકીય પક્ષો કરતા મતદારો વધુ આક્રમક મૂડમાં જણાઈ રહ્યા છે. શહેરના લિંક રોડ વિસ્તારમાં આવેલી ગણેશ ટાઉનશીપના રહીશોએ વિકાસના કામો મુદ્દે તંત્ર અને રાજકારણીઓ સામે બાંયો ચઢાવી છે. રહીશોએ પોતાની સોસાયટીની બહાર ‘કામ નહીં તો વોટ નહીં’ અને ‘ગટર લાઈન નહીં તો મત નહીં’ જેવા લખાણો સાથેના બેનરો પ્રદર્શિત કરી વિરોધ નોંધાવ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વર્ષોથી તેઓ ગટર જેવી પ્રાથમિક સુવિધા માટે વલખાં મારી રહ્યા છે, પરંતુ ચૂંટણી સમયે મત માંગવા આવતા નેતાઓ જીત્યા બાદ મોઢું બતાવતા નથી. પ્રજાની એક જ માંગ છે કે પહેલા વર્ષો જૂના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવે, ત્યારબાદ જ મતોની અપેક્ષા રાખવામાં આવે. ગટર લાઈનના અભાવે વિસ્તારમાં ગંદકી અને રોગચાળાનો ભય સતત સતાવી રહ્યો છે, છતાં તંત્ર દ્વારા આ બાબતે કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. હાલ આ બેનર વોરે ઉમેદવારોની ચિંતામાં વધારો કરી દીધો છે.

### ડિજિટલ યુગમાં પણ ‘વાંચન ક્રેઝ’ અકબંધ રાખતી લાયબ્રેરી

## કે.જે.ચોકસી સાર્વજનિક પુસ્તકાલય વાચકો માટે આકર્ષણનું કેન્દ્ર બની

**ડિજિટલ યુગમાં** પણ પુસ્તકોનો ક્રેઝ યથાવત, 55,000 પુસ્તકોના સંગ્રહ સાથે જ્ઞાનનું કેન્દ્ર બની સંસ્થા



(પ્રતિનિધિ) ભરૂચ, તા.21

વિશ્વ પુસ્તક દિવસના અવસરે જ્યારે વાંચન સંસ્કૃતિ લુપ્ત થઈ રહી હોવાની ચર્ચાઓ થતી હોય છે, ત્યારે ભરૂચની કે. જે. ચોકસી પબ્લિક લાયબ્રેરી એક સશક્ત અને પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડી રહી છે. વર્ષ 2008માં ગૌતમભાઈ કાન્તિલાલ ચોકસી દ્વારા સ્થાપિત આ લાયબ્રેરી આજે જ્ઞાનના વટવૃક્ષ સમાન બની છે. મોબાઈલ અને સોશિયલ મીડિયાના આક્રમણ વચ્ચે પણ અહીં ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાના 55,000 થી વધુ પુસ્તકોનો સંગ્રહ વાચકોને આકર્ષી રહ્યો છે. લાયબ્રેરીમાં દર વર્ષે અંદાજીત 5,000 થી વધુ મુલાકાતીઓ આવે છે અને 1,200 થી વધુ સક્રિય સભ્યો નિયમિતપણે પુસ્તકો સાથે જોડાયેલા રહે છે. આ ઉપરાંત, શહેરની 12 થી 15 જેટલી શાળાઓના અંદાજે 1,500 થી વધુ વિદ્યાર્થીઓ દર વર્ષે અહીં મુલાકાત લઈ પુસ્તક સંસ્કૃતિના વારસાથી પરિચિત થાય છે.

કે. જે. ચોકસી લાયબ્રેરી યુવાનો માટે કારકિર્દી ઘડતરનું કેન્દ્ર પણ બની છે. અહીંનો 132 વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતો રીડિંગ હોલ આખું વર્ષ ખીચોખીચ ભરેલો રહે છે, અને પરીક્ષાના સમયમાં તો વધારાની બેઠક વ્યવસ્થા કરવી પડે તેવી સ્થિતિ સર્જાય છે. લાયબ્રેરીના ગ્રંથપાલના મતે, માહિતી ભલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા મળી રહે, પરંતુ સંવેદના અને જીવનનું ડહાપણ તો માત્ર પુસ્તકો જ આપી શકે છે. અહીંથી અભ્યાસ કરીને અનેક યુવાનો CA અને પોલીસ અધિકારી જેવા પ્રતિષ્ઠિત પદો પર પહોંચ્યા છે, જે આ સંસ્થાની સફળતાની પ્રતીતિ કરાવે છે. 215 બેઠકોના સભાખંડ સાથે અહીં યોગા, સંગીત અને પર્યાવરણના કાર્યક્રમો પણ યોજાય છે. “સમાજનું છે અને સમાજને પાછું આપવાનું છે” ના મંત્ર સાથે કાર્યરત આ લાયબ્રેરીએ સાબિત કર્યું છે.

### સુભેલાવ તળાવમાં પગ લપસતા યુવક ઊંડા પાણીમાં ગરકાવ

## તળાવમાં માછલી પકડવા ગયેલા 17 વર્ષીય શ્રમજીવી યુવકનું ડૂબી જવાથી મોત

**વડોદરા** ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો



(પ્રતિનિધિ) સાવલી, તા.21

સાવલી તાલુકાના સુભેલાવ ગામના તળાવમાં 17 વર્ષીય શ્રમજીવી યુવક ડૂબી જવાનો બનાવ બન્યો હતો 17 વર્ષીય યુવક આજે બપોરના સમયે તળાવમાં મચ્છી મારવા ગયો હતો અને પગ લપસી જતા ડૂબી ગયો હતો બનાવના પગલે બૂમાબૂમ કરતા આજુબાજુના રહેવાસીઓ દોડી આવ્યા હતા અને સ્થાનિક તરવૈયા ઓ એ યુવકની શોધખોળ આદરી હતી અને આજુબાજુના રહીશોની ભીડ તળાવ કિનારે ઉમટી પડી હતી સ્થાનિક તરવૈયાઓને યુવકની ભાળ ન મળતા વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી ફાયર બ્રિગેડના જવાનોએ એક કલાકની ભારે જહેમત બાદ મૃતદેહ શોધી કાઢ્યો હતો મંજુસર પોલીસે મૃતદેહનો કબજો લઈને ટુંડાવ પીએચસી સેન્ટર પર પીએમ કરાવવા તજવીજ હાથ ધરી છે

પ્રાથમિક વિગતો મુજબ મૃતક નું નામ કિશન પરબત પરમાર ઉ 17 રહે ગોત્રુલા જી પાલનપુર હોવાનું જાણવા મળી રહ્યું છે મૃતક કિશન ગત રોજ જ પોતાના વતનથી અહીંયા મજૂરી કરવા આવ્યો હતો તે સાવલી તાલુકાની વિવિધ ડામર કંપનીઓમાં ડામરના પીપ આપવાની મજૂરી કરવા જતા પોતાના અન્ય સગા અને ભાઈ સાથે કામ કરવા આવ્યો હતો અને મૃત્યુ ને ભેટ્યો છે આજે બપોરે સુભેલાવ ના તળાવમાં મચ્છી મારવા જતા પગ લપસી જતા ડૂબી જતા મરણ ગયો છે મંજુસર પોલીસે બનાવના પગલે અકસ્માત મોત રજીસ્ટર કરી તપાસ હાથ ધરી છે પી એમ કરાવીને અંતિમવિધિ માટે શબ સોંપવા તજવીજ હાથ ધરી છે.

## દસમો સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ ભવ્ય રીતે યોજાયો



(પ્રતિનિધિ) શિનોર, તા.21

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી ગામે વિકલાંગ માનવસેવા ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતીય દસમો સમૂહ લગ્નોત્સવ ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે કુલ સાત જોડાઓએ વૈદિક વિધિ મુજબ લગ્નબંધનમાં બંધાઈ પોતાના નવા જીવનની શુભ શરૂઆત કરી હતી. લગ્નોત્સવ દરમિયાન પરંપરાગત વિધિ-વિધાનો સાથે ધાર્મિક અને આનંદમય માહોલ સર્જાયો હતો. આ સમૂહ લગ્નોત્સવનું આયોજન છેલ્લા દસ વર્ષથી સતત કરવામાં આવી રહ્યું છે, જેના કારણે આર્થિક રીતે નબળા પરિવારોને મોટી રાહત મળે છે અને સમાજમાં સહકાર તથા સમરસતાનો સંદેશ પ્રસરે છે. ટ્રસ્ટના પ્રમુખ કનુભાઈ વણકર (ફુટવાળા), ઉપપ્રમુખ પ્રકાશભાઈ વાઘેલા તથા તેમની સમગ્ર ટીમે કાર્યક્રમને સફળ બનાવવા માટે વિશેષ જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમમાં સમાજના આગેવાનો, દાતાશ્રીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા નવદંપતીઓને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા અને તેમના સુખમય દાંપત્યજીવન માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### સાયકલ રેલી અને પદયાત્રામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા

## જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને મતદાન જાગૃતિની સાયકલ રેલીનું આયોજન



(પ્રતિનિધિ) બોડેલી, તા.21

છોટાઉદેપુર જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણી-૨૦૨૬ અન્વયે મતદારોમાં જાગૃતિ લાવવા અને મતદાનની ટકાવારી વધારવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ‘સ્વીપ’ (SVEEP) પ્રવૃત્તિઓ વેગીલી બનાવવામાં આવી છે. જેના ભાગરૂપે બોડેલી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ગાર્ગી જૈનના પ્રેરક માર્ગદર્શન હેઠળ સાયકલ રેલી અને પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જનજાગૃતિ અભિયાનમાં જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને રેલીને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યા બાદ શાળાના વિદ્યાર્થીઓ સાથે સાયકલ રેલી અને પદયાત્રામાં જોડાઈને નાગરિકોને મતદાનનો સંદેશ આપ્યો હતો. આ રેલી બોડેલી તાલુકા સેવા સદન થી અલીપુરા ચોકડી સુધીના મુખ્ય માર્ગો પર ફરીને સમગ્ર નગરમાં આકર્ષણ જમાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને હૃદયસ્પર્શી અપીલ કરતા જણાવ્યું હતું કે, “નવરચિત બોડેલી નગરપાલિકાની આ પ્રથમ ઐતિહાસિક ચૂંટણી છે. હું તમામ નાગરિકોને, ખાસ કરીને યુવા અને મહિલા મતદારોને વિનંતી કરું છું કે છોટાઉદેપુર જિલ્લાના સર્વાંગી વિકાસ માટે મતદાન જરૂર કરો.

સ્વીપ (SVEEP) નોડલ અધિકારી આનંદકુમાર પરમારના સંકલન હેઠળ યોજાયેલી આ રેલીમાં વિદ્યાર્થીઓએ હાથમાં પ્લેકાર્ડ્સ અને સૂત્રો દ્વારા ‘પહેલા મતદાન, પછી બીજું કામ’નો સંદેશ ગુંજવ્યો હતો. નવરચિત બોડેલી નગરપાલિકામાં પ્રથમવાર ચૂંટણી યોજાતી હોવાથી વહીવટી તંત્ર દ્વારા મતદારોને મતદાન મથક સુધી લાવવા માટે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

## નાગરિકોની રજૂઆત રંગ લાવી, વોર્ડ-11 અને 12માં સુવિધાઓનું ખાતમુહૂર્ત બાદ કામ પૂર્ણ

**તંત્રની** ત્વરિત કામગીરીથી સ્થાનિકોમાં હરખ; ગંદકી અને ખરાબ રસ્તાના પ્રશ્નોનું કાયમી નિરાકરણ



(પ્રતિનિધિ) વડોદરા , તા.21

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં નાગરિકોની સુવિધા અને આંતરમાળખાકીય સુવિધાઓને સુદ્રઢ બનાવવાના હેતુથી સક્રિય કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાનના ભાગરૂપે તાજેતરમાં પશ્ચિમ ઝોનના વહીવટી વોર્ડ નંબર 11 અને 12માં સમારકામ તથા પેવર બ્લોક નાખવાની મહત્વપૂર્ણ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે, જેનાથી સ્થાનિક રહીશોને મોટી રાહત મળી છે.

વહીવટી વોર્ડ નંબર 11ના હદ વિસ્તારમાં આવેલી ગોરાવા અને દશામાના મંદિર પાસે પાણીની મેઈન લાઈન લીકેજ હોવાની ફરિયાદ સ્થાનિક રહીશો દ્વારા કરવામાં આવી હતી. આ સમસ્યાને ગંભીરતાથી લઈને વોર્ડ શાખા દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવી હતી. નિરીક્ષણ દરમિયાન 200 મી.મી. વ્યાસની ચોકઅપ થયેલી સીવેજ લાઈન માલુમ પડી હતી, જેને કારણે વિસ્તારમાં ગંદકી અને હાલાકી ઉભી થઈ હતી.

વડોદરા મહાનગરપાલિકાની ટેકનિકલ ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરીને આ લાઈનનું સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સફળ કામગીરીને પગલે વિસ્તારમાં દૂષિત પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો છે. બીજી તરફ, વહીવટી વોર્ડ નંબર 12માં આવેલા બિલ-ચાણસદ રોડ પર રસ્તાના સમારકામ માટે પેવર બ્લોક નાખવાની રજૂઆત લાંબા સમયથી કરવામાં આવી રહી હતી.

## આત્મા સર્વનો પ્રકાશક છે. - વિદુષી ડૉ ગાર્ગી પંડિત

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

આદ્ય શંકરાચાર્ય ની ૨૫૩૩મી જયંતી નિમિત્તે શ્રીસનાતન વૈદિક ધર્મનુરાગી ટ્રસ્ટ ના તત્વાવધાન માં શ્રીઅજયભાઈ પટેલ ના યજમાન પદે વિદુષી ડૉ ગાર્ગી ચંદ્રશેખર પંડિત ના સાંનિધ્ય માં માંજલપુર શ્રીજી પાર્ટી પ્લોટ ખાતે પાવન સત્સંગ નું આયોજન કરવામાં આવ્યું.

જ્ઞાનગંગા ની વર્ષા માં વિદુષીજી એ સત્સંગ માં જણાવ્યું કે આજે આપણે હિન્દુ છે એનું એક માત્ર કારણ છે આદ્ય શંકરાચાર્યજી. પારંપરિક મતાનુસાર આ ૨૫૩૩ મી જયંતી છે. સંસ્કારી નગરી વડોદરા માં આદ્ય શંકરાચાર્ય જયંતી બ્રહ્મલીન પૂજ્યપાદ ગુરુદેવ શ્રીચંદ્રશેખર પંડિતજી મહારાજ ના સાન્નિધ્યમાં ટ્રસ્ટ ૪૦ વર્ષ થી આ ઉત્સવ ઉજવતો આવ્યો છે.

વાણી ને આગળ ધપાવતા અદ્વૈત વેદાંત ના સિદ્ધાંત નું પ્રતિપાદન કરતા આદ્ય શંકરચાર્ય કૃત શ્રી દક્ષિણામૂર્તિ સ્તોત્ર ના શ્લોક ૪ પર પ્રકાશ જણાવ્યું કે અનેક છિદ્રોવાળા ઘડામાં રહેલા મોટા દીવાના તેજ જેવું જેનું પ્રકાશમાન જ્ઞાન નેત્ર વગેરે જ્ઞાનેન્દ્રિયો દ્વારા ખરેખર બહાર વિલસે છે અને આ પ્રકાશિત થનાર સઘળું જગત જેમના “હું જાણું છું” એ જ્ઞાનથી જ જેમને અનુસરીને પ્રકાશે છે તે સદ્ગુરુ શ્રી દક્ષિણામૂર્તિ ભગવાનને આ નમસ્કાર હો. અંતે જણાવ્યું કે ભગવાન દક્ષિણામૂર્તિના પ્રિય એવા નંદી સહિત સમગ્ર ગોવંશ ની હત્યા વર્તમાન સમયે ભારત માં થઈ રહી છે તેના પર પૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવે સાથે ચાર પીઠ ના શંકરાચાર્યે જે ગોમાતા રાષ્ટ્રમાતા આંદોલન ચલાવ્યું છે.

### સાવલી પ્રાંત અધિકારીને અપાયું આવેદનપત્ર

## જેહાદી તત્વોને ફાંસીની સજા આપવા VHPની માંગ

**ગુજરાતમાં** હિન્દુઓની સુરક્ષા અને દોષિતો સામે કડક કાર્યવાહીની ઉગ્ર માંગ



(પ્રતિનિધિ) સાવલી, તા.21

સાવલી તાલુકામાં આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ધંધુકા માં હત્યા કેસ મામલે કસૂરવારો ને ફાંસીની સજા સહિત ની વિવિધ માંગ કરતું આવેદનપત્ર રાજ્ય અને કેન્દ્રના ગૃહ મંત્રીને ઉદ્દેશીને સાવલી પ્રાંત ઑફિસર ને પાઠવ્યું છે.

સમગ્ર રાજ્યમાં ધંધુકામાં હિન્દૂ યુવક ધર્મેશ ભરવાડ હત્યા ના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે અને હત્યા મુદ્દે ભારે રોષ ફાટી નીકળ્યો છે અને ઠેર ઠેર કસુર વારો સામે કડક હાથે કાર્યવાહીની માંગ કરતા આવેદનપત્રો પાઠવવામાં આવી રહ્યા છે અને આ પાકિસ્તાની આંતકીય દ્વારા કરવામાં આવી છે. તેવા આક્ષેપ સાથે સાવલી આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ સહિતના સંગઠનો એ આજરોજ આવેદનપત્ર પાઠવીને વિવિધ માંગણી અને આક્ષેપો કર્યા છે. તે મુજબ આ પહેલા પણ જેહાદી આતંકી તત્વો દ્વારા ધંધુકામાં જ કિશન ભરવાડ ની હત્યા કરવામાં આવી હતી છેલ્લા દસ વર્ષમાં ધંધુકા અને ગુજરાતમાં હિન્દુઓની આ પાંચમી હત્યાની ઘટના છે. જ્યારે ગુજરાત સહિત ભારતમાં પાકિસ્તાની જેહાદી આતંકવાદીઓ દ્વારા આજે પણ હિન્દુઓનો નરસંહાર થઈ રહેલ છે. હિન્દુઓને જાનમાલની રક્ષા કરવાની જવાબદારી સરકારની છે. પાકિસ્તાની જીહાદીઓ દ્વારા ગુજરાતમાં હિન્દુઓની હત્યા થઈ રહી છે. ત્યારે સરકાર દ્વારા આવા તત્વો સામે દાખલા રૂપ પગલાં લઈને કાયદાનું ભાન કરાવવાની માંગ કરી છે.

## આમોદ: વાંટા વિસ્તારના માર્ગો પર ગટરના પાણીની રેલમછેલ

વોર્ડ નંબર 1,2 અને 5માં ગંદકીનું સામ્રાજ્ય, ધર્મસ્થાનો અને કોર્ટ તરફ જતા મુખ્ય માર્ગો પર દુર્ગંધથી રહીશો પરેશાન

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 21

ભરૂચ જિલ્લાના આમોદ શહેરમાં નગરપાલિકાની ઘોર બેદરકારીના કારણે સ્થાનિક રહીશો નર્કાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. શહેરના વાંટા વિસ્તાર સહિત વિવિધ ભાગોમાં છેલ્લા ત્રણ મહિનાથી ગટરનું ગંદુ પાણી મુખ્ય માર્ગો પર વહી રહ્યું હોવાની ગંભીર ફરિયાદ ઉઠી છે. પાલિકા તંત્રને વારંવાર રજૂઆત કરવા છતાં સમસ્યાનું કોઈ કાયમી નિરાકરણ ન આવતા હવે રહીશોનો રોષ ફાટી નીકળ્યો છે. ખાસ કરીને વોર્ડ નંબર 1, 2 અને 5 ના વિસ્તારોમાં ગટરની લાઈનો ઉભરાતા અંદાજે એક કિલોમીટર જેટલા લાંબા અંતર સુધી ગંદા પાણીની નદીઓ વહેતી જોવા મળી રહી છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ અને ગંદકીનું સામ્રાજ્ય છવાઈ ગયું છે.

આ ગંભીર પરિસ્થિતિને કારણે આમોદ શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ ચિંતાજનક રીતે વધ્યો છે, જેના પગલે સ્થાનિકોમાં રોગચાળો ફેલાવાનો ભય સતાવી રહ્યો છે. આ દૂષિત પાણી જે માર્ગો પર ફરી વળ્યા છે તે માર્ગો પર જૈન દેરાસર, મસ્જિદ, મંદિર અને કોર્ટ જેવા મહત્વના સ્થળો આવેલા છે. શ્રદ્ધાળુઓ અને અરજદારો ઉપરાંત શાળાએ જતા નાના બાળકોને પણ આ ગંદકીમાંથી પસાર થવું પડે છે.

## આરોગ્ય કેન્દ્રમાં કેન્સર-થાયરોઈડના નિદાન સહિતની સેવાઓ વિનામૂલ્યે શરૂ

(પ્રતિનિધિ) વડોદરા , તા.21

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપીને અનેકવિધ જનહિતલક્ષી કાર્યો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત માજલપુર વિસ્તારમાં કાર્યરત અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે અત્યાધુનિક તબીબી સેવાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. આ કેન્દ્ર હવે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો માટે ખાનગી હોસ્પિટલ જેવી જ સુવિધાઓ પૂરી પાડતું એક મહત્વનું કેન્દ્ર બની ગયું છે.

અહીં દર્દીઓને ગાયનેકોલોજિસ્ટ, પીડિયાટ્રિશિયન, ફિઝિશિયન અને સર્જન જેવા નિષ્ણાત



તબીબો દ્વારા સંપૂર્ણપણે વિનામૂલ્યે પરામર્શ અને સારવાર આપવામાં આવે છે. આરોગ્ય કેન્દ્રની વિશેષતાઓની વાત કરીએ તો, અહીં ડાયાબિટીસ, થાયરોઈડ અને કેન્સર જેવા ગંભીર રોગોના નિદાન માટે વિવિધ પ્રકારના લેબ ટેસ્ટની સુવિધા ઉપલબ્ધ છે. ઉપરાંત એક્સ-રે અને સોનોગ્રાફી જેવી મહત્વની તપાસો પણ અહીં કરી આપવામાં આવે છે. નવજાત શિશુઓની સંભાળ માટે અહીં ખાસ ‘ન્યૂબોર્ન સ્ટેબિલાઈઝેશન યુનિટ’ કાર્યરત કરવામાં આવ્યું છે, જ્યાં શિશુઓને કાચની પેટીમાં રાખીને તેમની અત્યાધુનિક સારવાર કરવામાં આવે છે.

ડોક્ટરો દ્વારા લખવામાં આવતા તમામ ટેસ્ટ અહીંની લેબોરેટરીમાં નિઃશુલ્ક થાય છે, જેમાં સરકારની ગાઈડલાઈન મુજબ CBC, મેલેરિયા, ડાયાબિટીસ (RBS, FBS, PP2BS), HB1AC અને સીકલ સેલ ટેસ્ટ જેવી 97 પ્રકારની તપાસો સામેલ છે. ગંભીર બીમારીઓ જેવી કે HIV, HBSAG, VDRL અને HCV ના ટેસ્ટ પણ અહીં ઉપલબ્ધ છે.

## સ્વાગત કાર્યક્રમ 23 ને બદલે હવે 30 એપ્રિલે યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની આદર્શ આચાર સંહિતાને અનુલક્ષીને રાજ્ય અને જિલ્લા કક્ષાનો તારીખ 23 એપ્રિલના રોજ યોજાનારો સ્વાગત કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો છે.

દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામા આવતા આ સ્વાગત કાર્યક્રમ અંતર્ગત એપ્રિલ 2026 નો રાજ્ય અને જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ પાંચમા ગુરુવાર એટલે કે તારીખ 30 એપ્રિલ 2026 ના રોજ યોજાશે.એટલું જ નહિ, તે દિવસે સવારે 8 થી 11 વાગ્યા સુધી લોકોની રજૂઆતો સ્વીકારવામાં આવશે. સૌ સંબંધિતોને મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમના ખાસ ફરજ પરના અધિકારીશ્રી દ્વારા સ્વાગત કાર્યક્રમના આયોજનના આ ફેરફારની નોંધ લેવા અનુરોધ કરાયો છે.

## રાજ્યના સરકારી ડ્રાઈવરો માટે વર્ષો પછી યુનિફોર્મનો કલર બદલાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

ગુજરાત સરકારના વહીવટી માળખામાં શિસ્ત અને એકરૂપતા લાવવા માટે સામાન્ય વહીવટી વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા ડ્રાઈવરોના યુનિફોર્મનો વર્ષો જૂનો કલર હવે બદલી નાખવામાં આવ્યો છે.

નવા નિયમ મુજબ હવે તમામ સરકારી વાહન ચાલકોએ નવા ડ્રેસ કોડનું પાલન કરવું પડશે. અત્યાર સુધી સરકારી ડ્રાઈવરો સ્ટીલ ગ્રે રંગના શર્ટ અને લાઈટ ગ્રે રંગના પેન્ટમાં જોવા મળતા હતા, પરંતુ હવે આ જૂના રંગને વિદાય આપી દેવામાં આવી છે. સામાન્ય વહીવટી વિભાગના નવા પરિપત્ર મુજબ, હવે ડ્રાઈવરો માટે ઓછો બદામી રંગનો શર્ટ અને ઘાટો બદામી રંગનું પેન્ટ નવો ગણવેશ તરીકે નક્કી કરવામાં આવ્યો છે. વિભાગના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ફેરફાર પાછળ મુખ્યત્વે બે ઉદ્દેશ્ય રહેલા છે. જેમાં ડ્રાઈવરોની ઓળખ વધુ સ્પષ્ટ અને વ્યવસ્થિત રીતે થઈ શકે તે મુખ્ય છે. તમામ સરકારી વિભાગોમાં વાહનચાલકોની એક સમાન અને વ્યાવસાયિક છબી ઊભી થાય તેવો લક્ષ્યાંક પણ રાખવામાં આવ્યો છે. આ નવા બદલાવથી સરકારી કચેરીઓમાં આવતા મુલાકાતીઓ અને અધિકારીઓ માટે ડ્રાઈવરોને અલગથી ઓળખવામાં ઘણી સરળતા રહેશે. સામાન્ય વહીવટી વિભાગે આ અંગે સંબંધિત તમામ વિભાગોને કડક સૂચના આપી દીધી છે. આગામી સમયમાં તબક્કાવાર રીતે જૂના યુનિફોર્મની જગ્યાએ આ નવો ડ્રેસ કોડ અમલી બનાવવામાં આવશે.